# માલપુર નજીક ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતા યુવકનો હાથ શરીરથી અલગ થઈ ગયો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિક પોલીસતંત્રની બેધારી નીતિથી વાહનચાલકો ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી માર્ગો પર બેફામ વાહનો હંકારતા અકસ્માતની ઘટનાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. કેટલાક અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ ભોગ બની રહ્યા છે. જીલ્લામાં ૪૮ કલાકમાં ત્રણ યુવકોએ અકસ્માતમાં જીવ ગુમાવવો પડ્યો હતો. માલપુર-લુણાવાડા રોડ પર ગોવિંદપુર નજીક બાઈકને ટ્રેક્ટરે ટક્કર મારતા બાઈક સવાર બે લોકના શરીરે ગંભીર ઈજાઓ થતા મસાદરાના



૨૫ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવકનો હાથ શરીરથી જુદો પડી દૂર ફંગોળાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મસાદરાના સંજયભાઈ દુધાભાઈ ખાંટ તેમની બાઈક પર પ્રતાપભાઈ રૂપાભાઈ તાબિયાડ સાથે માલપુર કામકાજ અર્થે જઈ પરત મસાદરા ફરી રહ્યા હતા ત્યારે માલપુર-લુણાવાડા માર્ગ પર ગોવિંદપુર ગામ નજીકથી બાઈક પર પસાર થતા સમયે સાઈડમાં પુરઝડપે ધસી આવેલા ટ્રેક્ટરના ચાલકે ગફલતભરી રીતે હંકારી બાઈકને સાઈડના ભાગે ટક્કર મારતા બંને યુવકો બાઈક પરથી ધડાકાભેર રોડ પર પટકાયા હતા. ટ્રેક્ટરે સાઈડથી ટક્કર મારતા એક યુવકનો હાથ ખભામાંથી જુદો પડી જતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોમાં પણ અરેરાટી વ્યાપી હતી. ગંભીર ઈજાગ્રસ્ત બંને યુવકોને સારવાર અર્થે ખસેડાતા પ્રતાપભાઈ રૂપાભાઈ તાંબિયાડ (ઉં.વર્ષ-૨૫)નું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી પોલીસે અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ પૂર્વરત કરાવી મૃતક યુવકને પીએમ માટે ખસેડી મૃતક યુવકના પિતા રૂપાભાઈ સોમાભાઈ તાબિયાડની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ઘટનાસ્થળે ટ્રેક્ટર મૂકી ફરાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## બનાસકાંઠા જિલ્લા ફૂટબોલ એસો. દ્વારા સુરતમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ

ત્રિ-દિવસીય રાજ્ય કક્ષાનો ફૂટબોલ રેફ્રીશીપ વર્કશોપ બનાસકાંઠા જીલ્લા ફૂટબોલ એશોસિએશન ના સહયોગથી પાલનપુર માં શરુ કરવામાં આવ્યો છે.જેમાં ગુજરાતભરના ૪૦ યુવાનોએ ભાગ લીધો છે. જેમાં આ યુવાનો ૩ દિવસ પાલનપુરમાં રહી રેફ્રીશીપની તાલીમ લેશે અને સ્ટેટ લેવલની તેમજ નેશનલ લેવલની મેચોમાં રેફ્રીશીપ કરશે. આજના પ્રર્સન્ગે ખાસ ગઈ કાલે સુરતમાં બનેલી દુ:ખદ ઘટના ટ્યુશન ક્લાસીસમાં ગયેલ બાળકો આગના બનાવના કારણે ૨૧ જેટલા બાળકોના મોત થયા જે સંદર્ભે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મીણબત્તી પ્રજ્વલિત કરી ૨ મિનિટનું મૌન ગુજરાત ભરના રેફરી યુવાન યુવતીઓ દ્વારા પાળવામાં આવ્યું હતું. ગુજરાત કક્ષાના રેફ્રીશીપ વર્કશોપ માં બનાસકાંઠા જિલ્લા ફૂટબોલ એશોસિએશન ના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના જનરલ સેક્રેટરી શ્રી ગુલાબ ચૌહાણ ,જીલ્લાના મંત્રી શ્રી ગીરીશભાઈ પરમાર, શ્રી વિષ્ણુભાઈ પટેલ,શ્રી ચેતનભાઈ પઢિયાર ઉપસ્થિતિ રહ્યા હતા.

# ડીસાના ભરચક વિસ્તારની દુકાનોમાં ફાયર સેફ્ટીનો અભાવ : આગ લાગે ત્યારે કૂવો ખોદવાની નોબત

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં દબાણની બદી વચ્ચે ભરચક વિસ્તારમાં આવેલી દુકાનોમાં તો ફાયર



સેફ્ટીની કોઈ વ્યવસ્થા જ નથી તેથી આગ જેવી દુર્ઘટનાઓમાં વ્યાપક નુકશાન થાય છે.

વેપારી અને તાલુકા મથક ડીસામાં જમીનના ભાવ ઊંચા છે તેથી દબાણની બદી ફાલી ફૂલી છે તેમાં સિંધી માર્કેટ, જૂની શાક માર્કેટ, ચોરૈયા બજાર, એન. આર. માર્કેટ જેવા વિસ્તારમાં વાહન તો શું ? લોકોને એકલા નીકળવું મુશ્કેલ બની જાય છે પરંતુ આ વિસ્તારમાં લગભગ તમામ ચીજ વસ્તુઓ મળી રહે છે તેથી આ વિસ્તારમાં આવેલી દુકાનોમાં ખાસ કરીને ગામઠી પ્રજાની ભારે ભીડ રહે છે જો કે સાંકડી ગલીમાં આવેલી આ દુકાનો આગળ દબાણોની સાથે રખડતા પશુઓનો ભારે ત્રાસ કાયમી બની ગયો છે તેથી આ દુકાનોમાં અવારનવાર આગ જેવી દુર્ઘટનાઓ થાય છે પણ જગ્યાના અભાવે બચાવ થઈ શકતો નથી જેના કારણે વ્યાપક નુકસાન થાય છે જેથી હોબાળો થાય છે પણ પાછળથી રાબેતા મુજબ દુકાનો ધમધમવા લાગે છે જવાબદાર તંત્ર પણ કોઈ દરકાર લેતું નથી તેથી જીવતાં કારતુસ સમી આ દુકાનોમાં આજેપણ ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા જ નથી.

ડીસામાં ગત દિવાળીમાં એક ફટાકડાની દુકાનમાં આગ ફાટી નીકળી હતી જેમાં ગરીબ નાના વેપારીઓ ને પણ મોટું નુકશાન થયું હતું તેમ છતાં તંત્ર દ્વારા સલામતિના કોઈ પગલાં લેવાયા ન હતા હાલમાં સુરતની કરુણાંતિકાના પગલે હરકતમાં આવેલા તંત્ર દ્વારા ટ્યુશન અને કોચિંગ ક્લાસ, દવાખાના અને હોટલો તથા સ્કૂલોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી રહી છે પણ જ્યાં દુર્ઘટના સર્જાવાનું સૌથી વધુ જોખમ છે તે ભરચક વિસ્તારમાં આવેલી દુકાનોમાં કોઈ તપાસ કરાતી નથી તેથી તંત્રની કામગીરી શકનાં દાયરામાં આવી જાય છે ત્યારે કમ સે કમ નિર્દોષ નાગરિકોની સલામતી ખાતર ફાયર સેફ્ટીનો પ્રબન્ધ કરાય તેવો જનમત પ્રવર્તે છે.

# અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસને બાતમી મળી છતાં બુટલેગર રફુચક્કર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ ઘુસાડાતા પ્રાંતીય અને પરપ્રાંતીય બુટલેગરોએ પોલીસની ધાપ વધતા મોડસ ઓપરેન્ડી બદલી નાના-નાના વાહનો અને અંતરિયાળ માર્ગનો ઉપયોગ કરી પોલીસતંત્ર કરતા વિદેશી દારૂ ભરી આવનાર મહેન્દ્ર મેક્સ જીપના ચાલક બુટલેગરના બાતમીદારો સબળ પુરવાર થયા હોય તેમ જીલ્લા એલસીબીની નાકાબંધીની જાણ થતા થોડે દૂર જીપ ગાડી મૂકી રફુચક્કર થઈ જતા એલસીબી પોલીસે વિદેશીદારૂ અને જીપ જપ્ત



કરી સંતોષ માનવો પડ્યો હતો.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસ મોડાસાના ટીંટોઈ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે સફેદ કલરની મહિન્દ્રા મેક્સ જીપમાં વિદેશી દારૂ ભરી પસાર થવાની હોવાની બાતમી મળતા જીલ્લા એલસીબી પોલીસે ટીંટોઈ ગામ નજીક હાઈવે પર નાકાબંધી કરતા બુટલેગર દારૂ ભરેલી જીપ રોડ બાજુ બિનવારસી મૂકી નાસી છૂટવામાં સફળ રહેતા જીલ્લા એલસીબી પોલીસે જીપમાંથી ૧.૧૫ લાખનો વિદેશી દારૂ જપ્ત કરી ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લા એલસીબી વિદેશી દારૂ ઘુસાડી રહ્યા છે.

જીલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે ટીંટોઈ ગામ નજીક મોડાસા-શામળાજી હાઈવે પર નાકાબંધી ગોઠવાતા વિદેશી દારૂ ભરેલી મહિન્દ્રા મેક્સ જીપનો ચાલક જીપ રોડ નજીક મૂકી નાસી છૂટતા પોલીસે બિનવારસી મહિન્દ્રા મેક્સ જીપમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૯૨ કિં. રૂ.૧૧૫૨૦૦ તથા જીપ કિં. રૂ.૨૫૦૦૦૦ મળી કુલ રૂ. ૩૬૫૨૦૦નો મુદામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધી આગળની તપાસ મોડાસા રૂરલ પોલીસને સુપ્રત કરી હતી.

### ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન ધનરાજ પિલ્લે

# મોડાસા કોલેજ ગ્રાઉન્ડમાં હોકી સમર કેમ્પમાં પહોંચ્યા

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના મોડાસા આર્ટસ કોલેજ મેદાનમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સિનિયર હોકી કોચના માર્ગદર્શન હેઠળ ૧૧ મે થી ૩૧ મે સુધી ૨૧ દિવસ રાજ્યના અલગ-અલગ જીલ્લામાંથી પસંદગી પામેલ ૧૦૦ ખેલાડીઓ માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યો હતું. સમર કેમ્પમાં ભાગ લઈ રહેલા યુવા પ્રતિભા ધરાવતા હોકી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન ધનરાજ પિલ્લે આવી પહોંચ્યા હતા અને ખેલાડીઓનો માર્ગદર્શન આપી હોકી રમી ઉત્સાહ વધાર્યો હતો.

મોડાસા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની શાળાઓના વિદ્યાર્થીઓ રમત-ગમત ક્ષેત્રે શહેર અને અરવલ્લી જીલ્લાનું નામ સમગ્ર દેશમાં રોશન કરી રહ્યા છે હોકી રમતમાં પણ કાઠું કાઢી રહ્યા છે મોડાસા આર્ટસ કોલેજમાં આવેલા જીલ્લા ડીએલએસએસના મેદાનમાં રાજ્યના ત્રણ જિલ્લા ગાંધીનગર વડોદરા અને અરવલ્લી જિલ્લામાં આયોજિત હોકી સમર કેમ્પમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. મોડાસા કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજિત હોકી સમર કેમ્પમાં ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન ધનરાજ પિલ્લે પણ ખાસ હાજર રહ્યા હતા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

દર વર્ષની જેમ આયોજિત એકવીસ દિવસના સમર કેમ્પમાં વિવિધ રમતો આયોજિત કરાય છે, જે પૈકી અરવલ્લી જિલ્લામાં હોકી સમર કેમ્પ અરવલ્લી, ગાંધીનગર તેમજ વડોદરામાં આયોજન કરાયું હતું. સમર કેમ્પ



ખેલાડીઓમાં રહેલી પ્રતિભા બહાર આવવાની સાથે સમર કેમ્પમાં ભાગ લેનાર ખેલાડીઓની રાજ્યકક્ષાએ અને વિવિધ ઝોનોની ટીમમાં સમાવેશ થવા માટે ઉમદા તક પુરી પાડે છે.

# આઈ.સી.ડી.એસ. મહેસાણા દ્વારા અન્નપ્રાશન દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૨૯

કુપોષણ મુક્ત ભારત ૨૦૨૨ અભિયાન અંતર્ગત આઈ.સી.ડી.એસ. મહેસાણાની આંગણવાડી કેન્દ્ર ૧૯૩ દ્વારા અન્નપ્રાશન દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં મધ્યપ્રદેશ વિશ્વ બેન્ક અને મહિલા બાળ કલ્યાણના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૬ થી ૯ માસના બાળકો અને તેમની માતાઓ, સગર્ભા માતાઓ તેમજ અન્ય લોકોની હાજરીમાં ૩ બાળકોની અન્નપ્રાશન વિધી કરવામાં આવી હતી. માતાઓને બાળકના ૬ માસ પુર્ણ થયા બાદ માતાનું દુધ તેની પોષણલક્ષી જરૂરીયાતો પુર્ણ કરવા માટે પુરતું હોતું નથી જેથી અર્ધઘટ આહાર ઉપરી ખોરાક શરૂ કરવાની સમજ માતાઓને કાર્યક્રમમાં આપવામાં આવી હતી તેમ બાળવિકાસ યોજના અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું હતું.

# વિસનગર ખાતે દિવ્યાંગોને વિનામુલ્યે તાલીમ, શિક્ષણ અને નિવાસની સુવિધા

મહેસણા, તા. ૨૯

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર દ્વારા દિવ્યાગોને કોમ્પ્યુટર, સિવણ, સ્ક્રીન પ્રિન્ટીંગ, બુક બાઈન્ડીંગ, સંગીત, ફાઈલ મેકીંગ, ગૃહ વિજ્ઞાન અને બ્યુટી પાર્લર સહિત અભ્યાસ માટે સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત નિર્ધારીત થયેલ અભ્યાસક્રમમાં સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. આ અંગે વધુ માહિતી માટે બાજીપુરા પાટીયા પાસે આવેલ સંસ્થા ખાતે સોમથી શુક્ર ૧૨ થી ૫ અથવા ફોન નંબર ૦૨૭૬૨-૨૮૧૨૧૦ પર સંપર્ક સાધી શકાશે.



## પાલનપુર તાલુકાના ઉકરડા ગામેથી નવ જુગારીયા ઝડપાયા

પાલનપુર તાલુકાના ઉકરડા ગામે જુગાર રમાતો હોવાની તાલુકા પોલીસને બાતમી મળી હતી.જેના આધારે પોલીસે ઓચિંતી રેડ કરી નવ જુગારીયાઓને ઝડપી લઇ રૂ.૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરવામાં આવતા શકુનીઓમાં ફફડાટ પ્રસરી ગયો છે. બનાસકાંઠામાંથી દારૂ જુગારની બદીને નાબુદ કરવા જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુળ દ્વારા તમામ પોલીસ સ્ટેશનને સુચના આપવામાં આવી છે.જેના પગલે પાલનપુર તાલુકા પોલીસ પેટ્રોલીંગમાં હતી.તે સમયે વિનોદભાઈને બાતમી મળી હતી.કે પાલનપુર તાલુકાના ઉકરડા ગામની સીમમાં જુગાર રમાઇ રહ્યો છે.જેથી તાલુકા પી.એસ.આઇ એ.એમ.પટેલએ સ્ટાફ સાથે ઉકરડા ગામે ઓચિંતો છાપો માર્યો હતો.અને જુગાર રમતા નવ જુગારીયાઓને ઝડપી લઇ રૂ..૩,૦૪,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાધ ધરવામાં આવતા જુગારીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

# ધાનેરાના ચોરા ગામ પાસે અકસ્માત બેના ઘટનાસ્થળે નિપજ્યા મોત

ધાનેરા, તા. ૨૯

ધાનેરા તાલુકામાં અકસ્માતનુ પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યુ છે. ધાનેરાના સામરવાડા ગામ નજીક ઈજાઓ થતા સારવાર માટે ધાનેરા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પરંતુ હાલત વધુ ગંભીર



આવેલ ચોરા ગામના ચાર વ્યક્તિઓ દૂધ ભરાવીને કારમાં પોતાના ઘરે જતા હતા તે સમયે રસ્તામાં નીલગાય આવી જતા ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેથી કાર પલટી ખાઈ ગઈ હતી. કારમાં બેઠેલા ચાર વ્યક્તિઓ પૈકી બે વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજ્યુ હતુ. તેમજ બે વ્યક્તિને જણાતા વધુ સારવાર માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ પરીવારને થતા લોકોના ટોળેટોળા ધાનેરા રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોક છવાયો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને કાળજી રાખવા જોગ

જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જી. પંચાયત બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે, રણતીડ એ આંતરરાષ્ટ્રીય જીવાત છે. રણતીડના ટોળા હજારો માઈલ દુરના દેશોમાં જઈ મોટુ પાક નુકશાન કરે છે. તાજેતરમાં મળતા અહેવાલ અનુસાર રાજસ્થાનના જેસલમેર જીલ્લામાં રણતીડના ઉપદ્રવની શકયતા મળેલ છે. રાજસ્થાન નજીકના ગુજરાતના સરહદી વિસ્તાર જેવા કે કચ્છ અને ઉત્તર ગુજરાત વિસ્તારમાં રણતીડના ઉપદ્રવની શકયતાઓને ધ્યાને લઇ અગમચેતીના ભાગરૂપે બનાસકાંઠા જીલ્લાના વાવ, ધાનેરા, થરાદ, સુઇગામ અને બીજા તાલુકાઓએ આ બાબતે સવધાની રાખવા જણાવાયું છે.

અખબારી યાદીમાં જણાવાયું છે કે સરહદી તાલુકાઓના ગામોમાં રણતીડ જોવા મળે તો તીડ કયાંથી આવ્યા એટલે કે કઇ દિશામાંથી આવ્યા, કેટલા વિસ્તારમાં તીડ બેઠા, કયા ગામે કઇ સીમમાં બેઠા તે અંગેની માહિતી મેળવી તરત જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જી. પંચાયત બનાસકાંઠા કચેરીના ટેલીફોન નંબર ૦૨૭૪૨-૨૫૨૬૩૪ પર તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રીને જાણ કરવા ખેડૂતોને જણાવાયું છે.



## પાલનપુરમાં ફાયર સેફ્ટીના સાધનો વસાવી તાલીમ લેવાઈ

સુરતમાં ટ્યુશન ક્લાસીસમાં આગ લાગવાથી બાવીસ જેટલા વિદ્યાર્થીઓના કરૂણ મોત નિપજ્યા હતા.જેના રાજ્ય ભરમાં ઘેરા પ્રત્યાધાત પડ્યા હતા.જેના પગલે તંત્ર દ્વારા તમામ ટ્યુશન ક્લાસીસ બંધ કરાવવામાં આવ્યા છે.જેથી પાલનપુરના ૧૦૦ ઉપરાંતના ટ્યુશન ક્લાસીસના સંચાલકો ભેગા મળી ફાયર સેફ્ટીના સાધનો વસાવવામાં આવ્યા હતા.અને આ સાધનો કેવી રીતે ઓપરેટ કરવા તે અંગે તંત્રના અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા.પરંતુ અધિકારીઓને જાણ કરવા છતા કોઈ અધિકારી જાણકારી આપવામ માટે આવ્યા ન હતા.જેથી ફાયર સેફ્ટીના સાધરો જેની પાસેથી ખરીદવામાં આવ્યા તેમની પાસેથી કેવી રીતે ઓપરેટ કરવા તે અંગેની જાણકારી મેળવી હતી.અને હવે આ ટ્યુશન ક્લાસીસ ચાલુ કરવા માટે તંત્રને રજુઆત કરવા માં આવેશે તેમ ટ્યુશન કલાસીશના સંચાલકોએ જણાવ્યુ હતુ.

# ધાનેરામાં લાયસન્સ વગર ચલાવતા રીક્ષા ડ્રાઈવર પર પોલીસતંત્ર લાલ આંખ કરશે

ધાનેરા, તા. ૨૯

હંમેશા આગ લાગે ત્યારે કુવો ખોદવાં જવાનું થાય તેમ બનાવ બન્યાં પછી તંત્ર જાગૃત થતું હોય છે. આમ ધાનેરામાં લગભગ મોટા ભાગની રીક્ષાઓ ચલાવતા ડ્રાયવરો પાસે લાયસન્સ નથી અને નાની ઉંમરનાં પણ છે. છતાં રીક્ષા ચલાવી રહ્યા છે. કોઈ અકસ્માત બનાવ બને તો જવાબદાર કોણ ? આ બાબતે પોલીસતંત્ર જાગૃત થઈ ધાનેરામાં લાયસન્સ વગરનાં ડ્રાયવરની રીક્ષાને ડીટેન કરી યોગ્ય કાર્યવાહી કરવાં લોકોની માંગ છે.




## ડીસામાં વૃક્ષોના આડેધડ નિકદંનથી ગરમીમાં વધારો

ડીસા સહિત જિલ્લાભરમાં ગ્લોબલ વૉર્મિંગ સહિતના કારણોને લઈ ગરમીનું પ્રમાણ ભયજનક હદે વધી રહ્યું છે તેમ છતાં ગ્રામીણ વિસ્તારમાં આજે પણ વૃક્ષોની આડેધડ કતલ થઈ રહી છે. જે વૃક્ષોનું લાકડું ખુલ્લેઆમ સો મિલોમાં ઠલવાય છે તો પણ જવાબદાર તંત્ર આ મુદ્દે ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરે છે. રણ વિસ્તાર ધરાવતો બનાસકાંઠા જિલ્લો વિશિષ્ટ ભૌગોલિક સંરચના ધરાવે છે જિલ્લામાં વરસાદ અપૂરતો અને અનિયમિત પડે છે તેથી પાણીની મુખ્ય સમસ્યા છે. બીજી બાજુ વિકાસની આડમાં વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે તો પ્રદૂષણની માત્રા ચિંતાજનક હદે વધી ગઈ છે.